


## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*અણઘડ વહુ વિકાસ નામે ઘઉંલો રાંધે છે,*
*લીલા વનનો વિનાશ કરીને મહેલો બાંધે છે,*
*બાંધે છે કુદરતના ને નોંધે છે પર્યાવરણ -*
*તેરને તોડીને તંત્ર જેવું-તેવું એક સાંધે છે.*

હાઈકુ

*કરો પૂજન*
*ગૌ માતા છે કૂબેર*
*ધરો કૂબેર*
*(બોળ ચોથ)*

*બફાઈ જાય*
*લ્યો નિર્દોષ ઘઉંલા*
*રાજનીતિમાં...*
*(સર્વેના નામે કાપકૂપ)*

## ચિંતન

**પવિત્રં વિતતં બ્રહ્મણસ્પતે પ્રભુર્ગાત્રાણિ પર્યેષિ વિશ્વતઃ ।**
**અસતનૂર્ન તદામો અશ્નુતે શ્રતાસ ઈદ્વહન્તઃ સં તદાશત ॥**

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

આ સંસાર શુભ, મંગલકારી અને મધુર પદાર્થોથી ભરેલો છે, પરંતુ એ પદાર્થો માત્ર એવા જ લોકોને પ્રાપ્ત થાય છે કે જેઓ તપ દ્વારા તેનું સાચું મૂલ્ય ચૂકવવા માટે તૈયાર રહે છે. વિવેકપૂર્ણ તપ દ્વારા વિદ્યા, ધન વગેરેની પ્રાપ્તિ થાય છે.

ચારેબાજુએ બધા જ પ્રકારનાં મંગલમય પધાર્થો હોવા છતાં પણ મનુષ્ય દરેક ક્ષણે અભાવગ્રસ્ત જ જોવા મળે છે. પરમાત્માની કૃપાના આનંદરસથી તે વંચિત છે. પાણીના સરોવરમાં રહેતો હોવા છતાં પણ તે તરસથી મરી રહ્યો છે. કારણ એ જ છે કે મનુષ્યે તપસ્યા દ્વારા પોતાની પાત્રતાને વિકસિત કરી નથી. તેનું મન દોષ અને દુર્ગુણોથી ભરેલું છે. તે વેરઝેરથી ઘેરોયલો છે. ઈન્દ્રિયો સુખના લોભની માયા જાળમાં અટવાયેલા જોવા મળે છે કારણ કે તેની શક્તિ હણાઈ ગઈ છે.

બ્રહ્મચર્ય, વ્યાયામ, આસન, પ્રાણાયામ, સંયમ, મનોયોગ, એકાગ્રતા વગેરેમાં તેનું મન ચોંટતું નથી.

## સુવિચાર

- ખરી જાય છે પાંદડા વૃક્ષ પરથી,
  મને કેમ વિશ્વાસ શ્વાસોઉપર છે?? - **ચીનુ મોદી**
- ખરીદ પાઉં ખુશિયા ઉદાસ ચહેરોં કે લિયે,...
  મેરે કિરદાર કા મોલ ઈતના કરદે એ ખુદા - **ફહીમ દિલ્લીવાલા**
- જેનાં અશ્રુ અને આશ્રય સાચાં હશે એને આ જન્મમાં જ હરિ મળશે - **મોરારિ બાપુ**
- આસક્તિ વગરનો પ્રેમ, એનું નામ કરુણા - **જીવન પાથેય**
- આપણે પણ જીવનમાં કંઈક એવું કરીએ કે પ્રભુને આપણો ચહેરો જોવો ગમે અને આપણને જોતાની સાથે જ પ્રભુનો ચહેરો મલકી ઊઠે - **શૈલેષ સગપરિયા**
- કોઠાસૂઝ અનુભવની દીકરી છે - **ઝેન કથન**
- આજનું ઔષધ : મેથીની ભાજીના રસમાં કાળી દ્રાક્ષ મેળવીને પીવાથી મરડો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

સાવ સામાન્ય ખેડૂત કુટુંબમાં ન્યુટનનો જન્મ થયો હતો. બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવ્યું હતું. તેમના દાદીમાએ એમનો ઉછેર કર્યો હતો. માત્ર બાવીસમેં વર્ષે ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં ગહન અભ્યાસ કર્યો અને મહત્ત્વના સંશાધનો કર્યા. કલનશાસ્ત્ર, ગુરુત્વાકર્ષણનો નિયમ, અને પ્રકાશશાસ્ત્રને લગતાં એમનાં સંશોધનો એ જ્ઞાન અને વિજ્ઞાનની નવી ક્ષિતિજો ઉઘાઢી આપી. નવયુવાન ન્યુટન વિશ્વમાં મહાન સંશોધક અને વૈજ્ઞાનિક તરીકે ખ્યાતી પામ્યા. સર આઈઝેક ન્યુટનને મળવા એક સ્ત્રી આવી. તે વિજ્ઞાનની વિદ્યાર્થીની હતી. તે ન્યુટનના કાર્યોથી પ્રભાવિત થઈ હતી. ન્યુટને એને આવકાર આપ્યો. અને પૂછ્યું. 'આપને હું ઓળખી શકતો નથી. પણ આપ જરા મને ઓળખાણ આપો.' સ્ત્રીએ કહ્યું, 'હા, એ સ્વાભાવિક છે, કારણ કે આપણે કયારેય મળ્યાં નથી.' એ પછી સ્ત્રીએ એમનો વિજ્ઞાનના વિદ્યાર્થીની તરીકે નો પરિચય આપ્યો. એણે કહ્યું, 'હું આપના ગણિત અને ભૌતિક વિજ્ઞાનના સંશોધનોથી પરિચિત છું. આપની અગાધ વિદ્વતા અને ઉત્કૃષ્ઠ સંસોધન શક્તિ પ્રશંસનીય છે. આપના શોધ સંશોધનોએ વિશ્વને ઉપકૃત કર્યું છે. આથી અભિનંદન આપવા આવું છું.' ન્યુટને કહ્યું, 'અરે ! મેં ક્યાં કંઈ મોટું કામ કર્યું છે ? હું આટલા બધા વખાણ ને લાયક નથી. હું તો સત્યના વિશાળ સાગરના કિનારે બેઠેલા એક બાળક જેવો છું, જે માત્ર છિપલા અને કાંકરા વીણી રહ્યો છું.' સમર્જ વિજ્ઞાનીની નમ્રતા અને નિરાભિમાનીપણું જોઈને એ સ્ત્રી મનોમન એમની મહાનતા ને નમન કરી પછી ફરી.

# ભાજપ-શિવસેના આમને-સામને

રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે શત્રુ હોતું નથી. ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્ર જેવા મોટા રાજયમાં બાલાસાહેબ ઠાકરેની આંગળી પકડીને પ્રવેશ કર્યો હતો. વિચારધારાની રૂએ શિવશેના 'હિંદુત્વ' અને 'હિંદુ રાષ્ટ્ર' જેવા મુદ્દે તેમ જ મુસ્લિમો પ્રત્યેના કટ્ટર વિરોધની રૂએ ભાજપ કરતાં ઘણી વધારે કડક હતી. બાલ ઠાકરે છાશવારે મુસ્લિમોની વિરુદ્ધ આગ ઓકતાં નિવેદન કરતા રહેતા પરંતુ તત્કાલીન કોંગ્રેસ સરકારની તાકાત નહોતી કે એમની સામે કેસ કરવાની હિંમત કરે. ગાંધીજીએ રાષ્ટ્રપિતા માનવાની પણ બાલ ઠાકરેએ ચોખ્ખા શબ્દોમાં ના પાડી હતી. છતાં એમની સામે ન તો કોઈ દેશદ્રોહ કેશ થયો હતો કે ન એમની વિરુદ્ધ કોઈ આંદોલન થયું હતું. તેઓ ગાંધી હત્યાને પણ વાજબી ઠેરવતા રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ આવા મુદ્દાઓ પરત્વે નરમ વલણ અપનાવ્યં હતું. પણ ઠાકરે અને એમની સેનાના કટ્ટર મુસ્લિમ વિરોધી વલણનો એણે ભરપૂર લાભ ઉઠાવ્યો. એક તબક્કે બેઉ પાર્ટીઓના જોડાણમાં ભાજપ આગળ નીકળી ગયું જેથી 'મોટાભાઈ' તરીકેનું શિવસેનાનું પદ જોખમમાં મુકાયું. વળી બાલ ઠાકરેના વારસ વર્તમાન શિવસેના સુપ્રીમો વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ બેફાન અને બોલ્ડ નિવેદનો કરતાં રહ્યા જેના પરિણામે બેઉ વચ્ચે અંતર વધતું ગયું. આખરે શિવસેનાએ વિચારધારાની રૂએ સામા છેડાની પાર્ટીઓ - કોંગ્રેસ અને એનસીપી સાથે જોડાણ કરીને તથા વરિષ્ઠ મરાઠા નેતા શરદ પવાર ને ગુરુ પદે સ્થાપીને મુખ્યમંત્રી પદ હાંસલ કરી ભાજપને એનું સ્થાન બતાવી દેવામાં શાણપણ જોયું. આ તમામ ઘટનાક્રમ પછી પણ ભારતીય જનતા પાર્ટી વારંવાર શિવસેના સાથેની વૈચારિક સમાનતા અને જૂની દોસ્તી સંભારીને કયારેક ફરી એક સાથે આપવાનાં સપનાં જોતી રહી છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પણ મોદીને દેશના વડાપ્રધાન તરીકે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં મળતા રહે છે. વળી મોદી વિચક્ષણ મહાપુરુષ શરદ પવારને અગાઉ પોતાના 'રાજકીય ગુરુ' તરીકે ઓળખાવી ચૂક્યા છે અને અવારનવાર એમની સાથે બંધબારણે બેઠકો પણ યોજતા રહે છે. કોંગ્રેસ માટે આ પરિસ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી છે પણ એણે બધા ખેલ મૂંગે મોઢે જોયા કરવા પડે છે કારણ કે દેશ આખામાંથી એનો મહદંશે સફાયો થઈ ગયો હોય ત્યારે મહારાષ્ટ્ર જેવા મોટા રાજયમાં સત્તામાં ભાગીદારી એ એક આશ્વાસનરુપ ઘટના છે. હમણાં વડાપ્રધાન મોદીએ એમના મંત્રીમંડળનું વિસ્તરણ કરીને અન્ય પાર્ટીઓમાંથી ભાજપમાં આવેલા મહત્ત્વના નેતાઓનો સમાવેશ કર્યો હતો જેમાં મધ્યપ્રદેશના રાજવંશી જયોતિરાદિત્ય સિંધિયા અને મહારાષ્ટ્રના કોંકણપટ્ટીના મજબૂત નેતા તથા પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણે ને કેબિનેટ દરજ્જો આપ્યો હતો. ભાજપની યાત્રાપ્રથા મુજબ 'જન આશીર્વાદ' લેવા નીકળેલા રાણેએ એક સભામાં ઉત્સાહમાં આવી જઈને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના અજ્ઞાન પરત્વે આકરું સંબોધન કર્યું. સ્વાતંત્ર્ય દિને ઝંડો ફરકાવતાં ઉદ્ધવ ઠાકરે દેશને કયા વર્ષે આઝાદી મળેલી એ ભૂલી ગયા હતા અને એમણે પાછળ જોઈને સાલ પૂછી લીધી હતી. નારાયણ રાણેએ આ મુદ્દે જાહેરમાં ઉદ્ધવ ઠાકરેનો ઊધડો લીધો અને કહ્યું કે જો આ સભામાં હું હાજર હોવ તો ખેંચીને ઉદ્ધવને તમાચો મારી દીધો હોત. શિવસેના એના સુપ્રીમોનું અપમાન સહી શકે ખરી? નારાયણ રાણે પોતે બાલ ઠાકરે સમયની શિવસેનાના સૈનિક હતા અને છેક મુખ્યમંત્રી પદ સુધી પહોંચવાની સગવડ તો એણની એ કારકિર્દીના આધારે ઉપલબ્ધ થઈ હતી. પરંતુ સત્તાના મદમાં એમણએ એ જ 'ગોડ ફાધર' ના વારસ વિશે અપમાનજનક વિધાન કરતાં રાજય સરકારે એમની વિરુદ્ધ અનેક સ્થળે ગુનો દાખલ કરાવ્યો એટલું જ નહીં, બલકે જમતાં જમતાં એંઠા મોંઢે કેન્દ્રીય કેબિનેટ મંત્રીની ધરપકડ કરી. આ ઘટના પછી ભાજપ નજીકનાં ભવિષ્યમાં શિવસેના સાથે જોડાણની કલ્પના પણ કરી શકશે નહીં. કેન્દ્રીય મંત્રીના બચાવમાં ઊતરેલા પૂર્વ મુખ્યમંત્રી અને મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષને નેતા દેવેન્દ્ર ફડણવીસે પણ કેન્દ્રીય મંત્રીના વિધાન સાથે તો અસહમત હોવાનું જ કહેવું પડ્યું છે. ભાજપ-શિવસેનાના કાર્યકર્તાઓ વચ્ચે ગાળાગાળી અને પથ્થરમારાની ઘટના એનસીપી-કોંગ્રેસ માટે જરૂર આશ્વાસનરુપ બની રહેશે. નારાયણ રાણે વડાપ્રધાન મોદી અને એમની પાર્ટી માટે અસ્કામતને બદલે જવાબદારી બની ગયા છે. ભાજપ માટે રાષ્ટ્રીય સ્તરે શરદ પવાર અને મમતા બેનરજીની આગેવાનીમાં એક મંચ પર આવવા તત્પર વિપક્ષી પરિબળોને જ નહીં, માંડ માંડ ગાડું ગબડાવતી સોનિયા-રાહુલ-પ્રિયંકાની પારિવારિક પાર્ટી માટે પણ આ ઘટના ઉત્સાહવર્ધક સાબિત થશે. ઉદ્ધવ ઠાકરેનું અજ્ઞાન એમને વિચારધારા વિરુદ્ધ એ બધાની સાથે બેસી રહેવાની ફરજ પાડશે!

તંત્રીસ્થાનેથી...

# ટોપલીમાં તેજ લઈ નીકળી પડો, પાણીની વચ્ચેથી રસ્તો થઈ જશે!




ગોકુળ આઠમ આજ હતી ને લોક કરે ઉપવાસ,
માકોર ભૂકી રહી નકોરડી, કાયામાં ન રહ્યો સાસ.
- સુન્દરમ્

●●●

પ્રભુજીને પડદામાં રાખ મા
પૂજારી, તારા આતમને ઓઝમમાં રાખ મા.
- ઈન્દુલાલ ગાંધી

●●●

ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય
ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય.
- કૃષ્ણલાલ શ્રીધરાણી

અમારે મન તો 'ગોકુલ આઠમ' ... જન્માષ્ટમી કે શ્રીકૃષ્ણ જયંતીનો ખ્યાલ તો ઘણો મોડો સમજાયો... મારા ઘર આગળ જ મંદિર એટલે શ્રાવણના હીંડોળાને ભજન કીર્તનનો જલસો... વળી ગામમાં ભરાતો 'ગોકુળ આઠમ'નો મેળો એમાંયે ખાસ તો લોકો વર્ષભરના જરૂરી માટીના ઠામવાસણો જ ખરીદવા આવતાં.... વડીલો નકોરડા ઉપવાસની ફરજ પાડતાં... ફળાહારમાં કેળા જ મળતાં... બીજે દિવસે પારણાં... વહેલાં વહેલાં નાહી ધોઈને પાંચ-દસ પૈસા લઈ મંદિરે જતાં ને પંચાજીરીનો પ્રસાર હોંશે હોંશે ઘેર લઈ આવતાં...

બસ, આટલો જ અમારે મન પર્વનો મર્મ ને મહિમા....!

'ગોકુળમાં ગાયો ચારી તમે એ વાત જગતમાં જાહેર છે... મથુરાની જેલમાં જન્મ્યા'તા.... ગોકુળની ગલીઓમાં ઊછર્યા'તાં.... - આવાં ગીતોનો નાદ આજેય કાનમાં ગૂંજે છે... અમે હોંશે હોંશે કૃષ્ણ ભીના થતા...

આજે મોટપણે હજુ 'કૃષ્ણ' શબ્દને સમજતાં જ થયા છીએ.... પરાપૂર્વથી જગદ્ગુરુ કૃષ્ણને પામવા - સમજવા સૌ મથે છતાં 'દિને દિને નવં નવં' એવા કૃષ્ણચરિત્રનો તાગ મેળવી શકાતો નથી...

કૃષ્ણનો અર્થ છે કર્ષતિ - આકર્ષતિ અર્થાત્ સૌને આકર્ષી લેનાર. પવિત્ર જનોનાં મન હરી લેનાર કૃષ્ણ પાપીઓના પાપ પણ હરી લે છે. પૂતના માસી.... પૂત એટલે પવિત્ર અને ના એટલે નહીં. એ દ્દષ્ટિએ વિચારીએ તો પૂતના એટલે અપવિત્ર. મલિન વાસનાઓ માસી જેવી મીઠી બનીને આવે. જે માણસનો વિનાશ નોંતરે... કૃષ્ણ ભક્તિ જ પૂતના અર્થાત્ અપવિત્ર વાસનાઓથી બચાવે.

કૃષ્ણ શબ્દના ઉચ્ચારણ સાથે જ નટખટ માખણચોરનાં મસ્તી તોફાનોની સાથે કદંબ, યમુના, કુંજગલી ને આખું વૃંદાવન તાદશ્ય થાય... દેવકી - વાસુદેવ અને નંદ યશોદા આંખ સામે તરવરે... શ્રીકૃષ્ણ એટલે રાસેશ્વર ને - યોગેશ્વર.

દોસ્તો, શ્રીકૃષ્ણ એટલે પૂર્ણ પુરુષોત્તમ... અત્ર... તત્ર... સર્વત્ર વિલસતું વ્યક્તિતા. કંસના કારાગૃહમાં અવતરતું.... અને એ પણ મધરાતે... કંસના પંજામાંથી બચાવવા ગોકુળના મુખી નંદરાયને બાળકૃષ્ણ સોંપવા... વસુદેવ અન નંદતો જૂના મિત્રો તેમજ કંસની એક હથ્થુ વિચારધારાના પ્રખર વિરોધી હતા. કારાગૃહના દ્વાર આપમેળે ખૂલી ગયા. પહેરેગીરો ઊંઘતા હોય કે પછી આંખ આડા કાન કર્યા હોય... આખરે તો જુલમી શાસકના અંદરખાને સૌ વિરોધી હોય... અને પછી તો કવિ મનોજ ખંડેરિયાના શબ્દોમાં -

"ટોપલીમાં તેજ લઈ નીકળી પડો,
પાણીની વચ્ચેથી રસ્તો થઈ જશે!"

યોગેશ્વર કૃષ્ણ અને એમની ગીતાને માથે અને સાથે રાખીને ચાલનારને જલપ્રવાહ તેમજ જનપ્રવાહ રસ્તો કરી જ આપે છે. આજ સુધી તો કૃષ્ણ વાર્તાનાયક જ લાગતા... આ તો પૂ.દાદાની સ્વાધ્યાય પ્રવૃત્તિ થકી આંખ ઊઘડીને થોડીક સમજણ વિકસી બાકી તો યુગાબ્દિઓથી સંતોભક્તો, મનિષિઓને વિદ્વવજનો તાગ પામી શક્યા નથી તો મારું શું ગજું ?!!

અરે, કૃષ્ણના તોફાનોની જેમ આજે કોઈ બાળકની તોફાન મસ્તી કરે તો ? આજે કોઈ બાળક ગાયો ચારવા

અનુસંધાન પાના નં. ૭ પર

# ધર્મ-દેશભક્તિના નામ પર સત્તામાં આવ્યા પછી તાલિબાન શું કરશે એની એમને પણ ખબર નથી




આટલા દિવસો થી અફઘાનિસ્તાન ના સમાચારો થી દૂર રહેવાનો પ્રયાસ કર્યો. પણ રોજ એજ હેડલાઈન્સ, અને ફોટાઓ જોઈને દિલ હલબલી જતું. માસુમ રૂપાળા ચહેરાઓ પર દેખાતો ભયનો ઓથાર હદય ને હચમચાવી નાંખનાર બની રહ્યો છે. એ દેશના લોકોની મનઃસ્થિતિની કલ્પના કરવી મુશ્કેલ છે. એ સ્થિતિમાં અબીલ-ગુલાલમાં પણ વિશ્વના ઈતિહાસ ના કાળા પ્રકરણની નોંધ લેવાવી જરૂરી લાગે છે.

જો-બાઈડેન ના શપથગ્રહણ પછી અમેરીકા ( ધ સુપર પાવર ) એ અફઘાનિસ્તાન ને એના હાલ પર છોડવાનો નિર્ણય લીધો. અમેરીકન સેનાની વાપસીના ગણતરીના મહિનાઓમાં જ અફઘાનિસ્તાનમાં સત્તાપલટાનો મોટો બદલાવ આવ્યો. દુનિયાના દેશો એકદમ સફાળા જાગી ગયા. ડરી ગયા. આ વિષયે આલોચકો, વિવેચકોના વિચારોથી દુનિયાભરના અખબાર, મેગેઝીન્સના પાના છલકાઈ રહ્યા છે. ઢગલોબંધ માહિતી અને ઈતિહાસના ઉદાહરણો ઠલવાઈ રહ્યા છે. પરંતુ હવે શું એનો કોઈ જવાબ કોઈ પાસે નથી.

હાલ પૂરતા કેટલાક તારણો, કેટલીક શીખવા જેવી બાબતો મનની ગડમથલ કરતાં સાંપડી છે. એની વાત કરું તો સંખ્યા કે પૈસામાં વધુ મજબૂત હોવા કરતા તાકાતમાં વધુ હોવું જરૂરી છે. તાકાત માત્ર શારીરિક નહીં, પરંતુ બૌધ્ધિક, તાર્કિક, વૈચારિક, પ્લાનીંગ, મેનેજમેન્ટ વગેરે જે યોગ્ય સ્ટ્રેટેજી બનાવી તેને સફળતાપૂર્વક એપ્લાય કરી શકે એ કંઈ પણ કરી શકે છે. અંગ્રેજોના સમયમાં કેટલાય રજવાડા નાના હોવા છતાં વ્યુહાત્મક સામનાથી અંગ્રેજોને હંફાવ્યાના ઉદાહરણ છે.

અફઘાનિસ્તાન ના લશ્કર સામે તાલિબાનોનું સંખ્યા બળ ઓછું છે. પરંતુ સ્ટ્રેટેજીકલ પ્લાનીંગ કે જેમાં ધર્મ, જાતિને માધ્યમ બનાવી ઓછા શિક્ષિત અને બીન શહેરી લોકોને પોતાનું હથિયાર બનાવી આ જીત મેળવાઈ છે. હવેના યુધ્ધોમાં આ સ્ટ્રેટેજીકલ પ્લાનીંગ ખૂબ મહત્વનું બની રહેનાર છે. મોટીવેટેડ ફાઈટર્સની ઈન્ટરનેશનલ ઈન્ફોરમેશનની હવે જરૂર પડશે તાલિબાન જેવા ફાઈટર્સ પાસે જીવવાનો કોઈ મકસદ નથી તેઓ માત્ર ધર્મના નામે જીવ આપતા અને લેતા જાણે છે. જેનો દુનિયાના બીજા બદમાશ દેશો ફાયદો ઊઠાવશે એ નક્કી છે. દા.ત. પાકિસ્તાન. કહેવાય છે ને કે " મૂર્ખની દોસ્તી કરતાં બુધ્ધિશાળીની દુશ્મની સારી ''. તાલિબાન પોતાની છબી સુધારીને સારા શાસક હોવા ના દેખાવો દુનિયા સામે કરી રહ્યું છે પરંતુ એમના દ્વારા આચરાયેલા જુલ્મની ગાથા એટલી બિહામણી છે કે અફઘાની નાગરિકો પોતાના જીવ જોખમમાં મૂકીને ભાગવા મથી રહ્યાના સમાચારો આપણે જોઈ-વાંચી રહ્યા છીએ. હમણાં સુધી એક ઈન્ટનેશનલ ફોર્સ એટલે આંતરરાષ્ટ્રીય દબાણની આશા રહેતી. પરંતુ હવે નબળી પડતી લોકશાહી અને વધતા ટેરરીઝમે ચિંતા વધારી દીધી છે. કોઈ કે કહ્યું કે કળિયુગ પૂરી થવાને હજુ ઘણીવાર છે. દરેક દેશે પોતાનું રક્ષણ પોતે જ કરવાનું આવશે. અન્ય દેશો પાસે થી સાચે જ રોજે-રોજ બનતી ઘટનાઓ આ સાચું ઠેરવે છે. કે અન્ય સંગઠનો પાસે થી મદદની આશા હવે પૂરી થવાની શક્યતાઓ ઘટતી જઈ રહી છે. ઈસ્ટ-વેસ્ટમાં દુનિયાનું વિભાજન થઈ રહ્યું છે. આ ફેરફારો રાજકીય માંધાતાઓ માટે ચિંતનનો વિષય છે. ડાર્કનેસનો પંજો વિસ્તરતા વાર નહીં લાગે. મોદીજી નિવેદન પ્રમાણે ' આતંક પર આસ્થાના વિજય હ્ર જેવા માત્ર મોટીવેટીંગ વાતોના નશામાં બેસી રહી શકાશે નહીં. ઈશ્વરકૃપાથી મળેલી ભારત ભૂમિ આપણી જન્મભૂમિના સંસ્કારમાં નકારાત્મકતાને પછાડવાની અખૂટ શક્તિ ભરેલી છે. એને જાગ્રત કરી માનસિક મજબૂતાઈ કેળવવાની છે. જેને ભારતની શક્તિની પહેચાન છે એ દેશને અંદરખાને ખોખલો કરવાની પેરવી કરી રહ્યા છે. ત્યાં સાબદા બનવાનું છે. વ્યક્તિગત સ્વાર્થમાંથી બહાર આવી સામૂહિક શક્તિને સંગઠિત કરવાની છે. માત્ર સરકારથી આ શક્ય નથી. સુપરપાવર બનવાની લડાઈમાં આપણે હજુ સામેલ થયા નથી પરંતુ ચીન અને અમેરિકાની લડાઈમાં આપણો અભિગમ જે હોય તે પણ રાષ્ટ્રમાં સંઘભાવના વધે તેનો દરેક સ્તરે પ્રયત્ન થવો જરૂરી છે. ભ્રષ્ટાચાર એક રીતે આતંકનું જ સ્વરૂપ છે. એ પણ એક કારણ છે જેનાથી થાકી ને અફઘાની પ્રજાએ તાલિબાની શાસકોને સ્વીકાર્યા. આવું કોઈપણ દેશમાં શક્ય છે. શાસક દ્વારા પ્રજા પર થતી જોહુકમી કરતા પ્રજા ગુલામી સ્વીકારવાનું વધુ પસંદ કરે છે એવું અફઘાનિસ્તાન ના કિસ્સા પરથી ફલિત થાય છે

બીજી અગત્યની વાત કોઈપણ દેશ માટે ગણી શકાય તે સમાજમાં વસતા લોકોની આર્થિક સ્થિતિ જે સમાજ અતિ પૈસાદાર અને અતિગરીબ એવા વિભાગમાં વહેંચાયેલો છે ત્યાં આવા જેહાદની શક્યતા વધુ રહે છે.

અફઘાનિસ્તાનમાં અનેક તબક્કે અનેક ક્ષેત્રમાં અસંગતતા (ડિફરન્સીસ) રહેલા છે જેમાં સ્ત્રી અધિકાર, માનવ અધિકાર, લોકશાહી અંગે મતમતાંતર, આર્થિક અસમાનતા, શહેર અને એ સિવાયના દેશના ભાગો વચ્ચે અનેક પ્રકારે વિરોધાભાસ છે. જેણે અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન ને નોતરું આપ્યું છે. ૩૮ માંથી ૨૮% મિલિયન અફઘાન પ્રજા રૂરલ એરિયામાં વસે છે જેને કાબુલના ગ્લેમર સાથે કોઈ લેવા દેવા નથી એમના ઉત્થાન તેમજ ઈન્વોલ્વમેન્ટ ને અવગણવાનું અત્યારે અમેરિકા અને દુનિયાને ભારે પડી રહ્યું છે.

ધર્મ-દેશભક્તિના નામ પર સત્તામાં આવ્યા પછી તાલિબાન શું કરશે એની એમને પણ ખબર નથી. અંધકારમય ભાવિથી ગભરાઈ ને લોકો દેશ છોડવાની પેરવી કરી રહ્યા છે. આમ તો તાલિબાન પાકિસ્તાન, ચીન, રશિયાની કઠપૂતલી તો છે જ. હવે એ કેવા નાચ નાચે છે કે નચાવે છે એ જોવાનું રહે છે. આપણે, ભારતે પણ ચેતી જવું જરૂરી છે. ભારતની સ્વતંત્રતાનો ઈતિહાસ બુલંદ છે. પણ નવી જનરેશન એ ઈતિહાસનો ભાગ નથી. પણ હવે એમને જરૂર પડશે પ્રશાંત કિશોર જેવાની ; માત્ર ચૂંટણી માટે નહીં અનેક જગ્યા એ જરૂર છે.

**તા.ક: રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોના શોખને કારણે આ એક અતિ સંવેદનશીલ ઘટનાની ચર્ચાનો પ્રયાસ કર્યો છે. ભૂલ-ચૂક બદલ ક્ષમા.**

# જાણો ગોદંતી ભસ્મ વિષે




આયુર્વેદમાં વનસ્પતિઓ ઔષધ તરીકે વપરાય છે એ તો જગજાહેર છે જ. પણ, આયુર્વેદમાં ધાતુઓ અને મિનરલ્સનો પણ એટલો જ ઉપયોગ છે. આ બધી ધાતુઓ અને મિનરલ્સ ભસ્મ સ્વરૂપે ઔષધ તરીકે આપવામાં આવે છે. ભસ્મનો ખાસ ગુણ એ કે તે બહુ જલ્દી અસર કરે છે અને જુના હઠીલા રોગોને પણ જલ્દીથી મટાડવા સક્ષમ છે. જો ભસ્મ શુદ્ધ ન હોય તો તે સાઈડ ઈફેક્ટ પણ કરે છે અને કિડની-લીવર પર ખરાબ અસર પણ કરી શકે છે.

આજે આપણે ગોદંતી ભસ્મ વિષે વાત કરીએ. ગોદંતી ભસ્મ એ આયુર્વેદનું ખૂબ જાણીતું ઔષધ છે. જો રાસાયણિક રીતે જોઈએ તો ગોદંતી ભસ્મ એટલે જીપ્સમ. સફેદ રંગનું હોવાથી અને ગાયના દાંત જેવું દેખાતું હોવાથી તેને ગોદંતી કહે છે. કોઈ પણ ભસ્મને ઔષધ તરીકે વાપરતા પહેલા તેને અમુક વિધીમાંથી પસાર થવું પડે છે જેને કારણે ભસ્મ શુદ્ધ થાય છે તેમજ તેની અસરકારકતા વધે છે. આ બે પ્રકારની વિધીને શોધન વિધી અને મારણ વિધી કહેવામાં આવે છે.

ગોદંતી ભસ્મની શોધન વિધી કરવા માટે ગોદંતીને પોટલીમાં બાંધી તેને ખાસ પ્રકારના દોલાયન્ત્રમાં રાખી અને લીંબુના રસ અથવા દ્રોણપુષ્પીના પાનના રસ વડે દોઢ કલાક સુધી સ્વેદન કરવામાં આવે છે. ગોદંતી ભસ્મની મારણ વિધીમાં એક ખાસ પ્રકારના સંપુટમાં શુદ્ધ ગોદંતીને નાખીને તેને ૨ કલાક સુધી ૧૫૦-૨૦૦ ડિગ્રી તાપમાને ગરમ કરવામાં આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી આપણને સફેદ રંગની સ્વાદવિહીન ગોદંતી ભસ્મ મળે છે જે ઔષધિ સ્વરૂપે વાપરી શકાય છે.

હવે જોઈએ ગોદંતી ભસ્મના ફાયદાઓ. ગોદંતી ભસ્મ તાવમાં અને માથાના દુખાવામાં શ્રેષ્ઠ છે. ગોદંતી ભસ્મ પ્રકૃતિમાં ઠંડી છે એટલે એસીડીટી અને પિત્તને લગતા રોગોમાં પણ ઉપયોગમાં લઈ શકાય. ૧૫૦-૨૫૦ મિલીગ્રામ જેટલી ગોદંતી ભસ્મ દિવસમાં ૨ વખત લઈ શકાય. આ ભસ્મને જાતે ઉપયોગ કરવી નહિ. આયુર્વેદ ચિકિત્સકની સલાહ પ્રમાણે જ ઉપયોગ કરવો.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

# જ્યાં લાગણીઓ ઑફલાઈન થઈ જાય ત્યાં હું ઓનલાઈન આવીને શું કરું!




કોઈને ખ્યાલ આવે છે, આ છેલ્લા દસેક વરસમાં આપણે સૌએ ટેકનોલોજી ક્ષેત્રે કેવડી મોટી હરણફાળ ભરી છે! ઘરે ઘરે ટીવી આવ્યા, ટેલિફોન આવ્યા, મોબાઈલ અને હવે આ ઈન્ટરનેટ થકી આપણે જાણે વિશ્વમાનવ બની ગયા છીએ.

દુનિયા મારી મુઠ્ઠીમાં છે એવું પહેલા ખાલી કહેવાતું હતું આજે ખરેખર એવું અનુભવાય છે. આપણાં બાળકો ખૂબ નાની ઉંમરે આપણાં કરતાંય વધારે સારી રીતે ઈન્ટરનેટ વાપરી લેતા થઈ ગયા છે. એમને જોઈતું રમકડું હવે નજીકની દુકાને ના મળે તો એ એમેઝોન તરફ આંગળી ચીંધે છે. યુવાન છોકરીઓ માટે એમની પસંદની લિપસ્ટિક કે નેઈલ પોલીસના શેડ માટે સેંકડો વિકલ્પ છે. એમને માટે એમની પસંદની કુર્તી કે જીન્સ હવે દુનિયાના ગમે તે ખૂણેથી ઘરે આવી શકે છે. ગૃહિણીઓ માટે એ ઘરે રસોઈ ના બનાવે તોય પરિવારના જીભના ચટાકા સાચવી લેવાનું શક્ય બન્યું છે, શહેરની જાણીતી હોટલમાંથી એમને ભાવતા ભોજનીયા હવે એની મેળે ઘરે આવી જાય છે. પુરુષો ઑફિસનું કામ ઘરે બેઠા બેઠા કરી શકે છે...

આમ જુઓ તો બધુ સરસ છે, બધાને જલસા છે એવું પહેલી નજરે લાગે પણ આ હકીકત નથી! એક સામાન્ય માણસનો પરિવાર એટલે એમાં ચકીચકો અને બે બચ્ચા એટલું જ નથી હોતું, એ ચકીચકાના મમ્મીપપ્પા પણ આપણી સંસ્કૃતિ, આપણી દુનિયાનો એક અહમ હિસ્સો છે. દિવસ રાત સતત બદલાઈ રહેલી દુનિયામાં ટકવું જ્યારે આપણને કસરત કરાવી જાય છે ત્યારે વિચારો એ વૃદ્ધોની શી દશા થતી હશે... જેમણે "જવા દે ને મારે શીખીને શું કામ છે!× આવું વિચારીને સ્માર્ટ ફોન લેવાનો ઈરાદો જ માંડી વાળ્યો હશે?

હજી ગયા અઠવાડિયે જ મારા એક વડીલ મિત્રની ફેસબુક પર મુકાયેલી પોસ્ટ મારી નજરે ચઢેલી અને થયું કે જિંદગી કેટલી નખરાળી છે! એમણે લખેલું કે હું હવે સખત કંટાળી ગયો છું, મોબાઈલ અને ઈન્ટરનેટની જાળમાં જાણે હું ઘુંચવાઈ ગયો છું, ઓટીપી અને પાસવર્ડની માયાજાળમાં ભેરવાઈ ગયો છું. આજથી હું જાહેર કરું છું કે મેં મારા પેન્ટના ગજવામાં રહેતાં નાનકડા પાકીટમાં એક કાગળનો કટકો રાખ્યો છે જેમાં હું મારી બધી જ અંગત વિગતો, મારા બેંકના એકાઉન્ટ નંબર, ડેબિટ કાર્ડના પાસવર્ડ અને બીજી બધી જરૂરી, યાદ રાખવા જેવી વીગતો એમાં લખીને રાખવાનો છું. કોઈક દિવસ કોઈ મારું પાકીટ મારી જશે તો હું લૂંટાઈ જઈશ અને એ જાણવા છતાં હું આ પગલું ભરી રહ્યો છું!

એ વડીલ એટલે એક મોટા ગજાના કલાકાર. સ્ટેજ ઉપરથી એ જ્યારે ખડખડ વહેતા ઝરણાની જેમ બે પાના જેટલો લાંબો ડાયલોગ એક પણ ભૂલ વગર બોલી લેતા ત્યારે આખો હૉલ તાળીઓના ગડગડાટથી ભરાઈ જતો... એય એક વખત હતો અને એક આજનો વખત છે, થોડાક શબ્દોનો પાસવર્ડ યાદ રાખવામાં પણ એમને હવે મુશ્કેલી પડે છે. ધ્રૂજતી આંગળીઓ મગજે માંડ માંડ યાદ રાખેલા ઓટીપી ને ટાઈપ કરવામાં ગરબડ કરી નાખે છે અને બે ત્રણ વખત આવું થતાં એમનો ઓર્ડર કેન્સલ થઈ જાય છે. એમનું પોતાનું ક્રેડિટ/ડેબિટ કાર્ડ, એની ઉપર રહેલા નંબરો, એ બેંક જ્યાં એમનું ખાતું ચાલે છે એ બધાયને આ વૃદ્ધ સાવ અજાણ્યા લાગે છે, એમની એક નંબર સિવાય જાણે કોઈ ઓળખાણ જ નથી. બેંકના એપને એ જાણે ચોરી કરીને કોઈકના ખાતામાંથી રૂપિયા ઉઠાવવા નીકળી પડ્યા હોય એવા ફ્રોડ લાગે છે અને એ પેમેન્ટ સ્ટોપ કરી દે છે.

આ બધાની વચ્ચે ઘરના લોકોની એક નાનકડી ટકોર, "તમને આટલું પણ યાદ નથી રહેતું, કે નથી આવડતું× સીધી એમના દિલ પર ઘા કરી જાય છે!

આ વાત એક વડીલની નથી આપણી આસપાસ રહેતા એવા કેટલાય વડીલોની છે જે પ્રયત્ન કરી રહ્યા છે, બદલાતી જતી દુનિયા સાથે કદમ મિલાવવા કે પછી કોઈની મદદ માંગ્યા વગર એમની જાતે જેટલું થઈ શકે એટલું કરી લેવા. જીવનના એક મહત્વના પડાવે પહોંચી ગયા બાદ એમણે જે માન, મોંભો ભોગવ્યો છે ત્યાંથી સહેજ પણ નીચે ઉતરતા એમની લાગણી દુભાય છે અને એટલે જ એ કદાચ મદદ માંગતા કતરાય છે!

કેટલા બધા એવા સંતોષી જીવ છે જેમણે એમના બીએસએનએલનાં જૂના ડબલા સાથેની પ્રીત હજી અકબંધ રાખી છે. મોબાઈલ ફોબાઈલ મને ના ફાવે મારે તો આ જ કામનું કહી ક્યારેય મોબાઈલને હાથ જ નથી અડાડ્યો. તમને શું લાગે છે એ લોકો ખરેખર મોબાઈલ વાપરવા નથી ઈચ્છતા કે પછી એને વાપરવું અઘરું પડશે અને ભૂલથી પણ કોઈ ભૂલ થઈ ગઈ તો એમના જ સંતાનો એમને બે શબ્દો સંભળાવી જશે એ વાતથી ડરે છે?

એક વખત હતો જ્યારે એ વડીલોએ આપણને માર્ગદર્શન આપ્યું હતું, હજી જ્યાં અટકીએ ત્યાં એ એમના અનુભવોની કિતાબ લઈ આપણને મદદ કરવા હાજર થઈ જાય છે તો જ્યાં એ અટકે ત્યાં આપણે મદદ કરવા આગળ કેમ ન આવીએ.

હું તો કહું છું તમારા ઘરના વડીલોને પણ એક સ્માર્ટ ફોન લાવી આપો અને સોશ્યલ મીડિયા પર એકાઉન્ટ ખોલી આપો. જે ટેકનોલોજીની મજા આપણે સૌ લઈ રહ્યા છીએ ભલે ને એ પણ લેતા. એમના અનુભવનું જ્ઞાન બીજા સાથે વહેંચતા..! એમનેય જાણ થશે કે હાલ બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે, એક લાઈકનું શું મૂલ્ય છે અને એવું કરવામાં તમારો પણ એક ફાયદો છે... તમારી દરેક નાંખી દેવા જેવી પોસ્ટ ઉપર પણ એમની એક લાઈક પાક્કી થઈ જશે!!

**અમસ્તું,**

**વૃદ્ધત્વ એક એવી ખતરનાક બીમારી છે જે દરેકને થાય છે અને મૃત્યુનું પ્રમાણ પણ એમાં જ સૌથી ઉપર છે!**

@niyatikapadia